**સોશીયલ મીડીયા ફેસબુક ઉપર ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદીના સગા સંબંધી તથા પડોશીઓ સાથે બિભત્સ મેસેજ તથા વિડીયો કોલ કરનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર સાયબર ક્રાઇમ પો.સ્ટે.ની ટીમ.**

સુરત શહેરના સાયબર ક્રાઇમ પો.સ્ટે. ॥ ગુ.ર.નં.૧૩/૨૦૧૯, ઇ.પી.કો. કલમ-૫૦૦ તથા આઇ.ટી.એક્ટ કલમ-૬૬(સી), ૬૬(ડી), ૬૭ મુજબનો ગુન્હો દાખલ થયેલ. જે ગુન્હામાં સંડોવાયેલ ઇસમ ફેસબુક ઉપર ફરીયાદીશ્રીનું ફેક એકાઉન્ટ બનાવી તે એકાઉન્ટમાં ફરીયાદીના સગા સંબંધી તથા પડોશમા રહેતી મહીલાઓને બિભત્સ મેસેજ તથા વિડીયો કોલ કરતો હતો. સદર ગુન્હો શોધી કાઢવા સારૂ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ટેકનીકલ સર્વેલન્સ આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઇડેન્ટીફાઇ કરી સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના એ.એસ.આઇ. પૃથ્વીરાજસિંહ તખતસિંહ તથા લોક રક્ષક પિયુષભાઇ અશોકભાઇનાઓને જામનગર ખાતે તપાસમાં મોકલતા તેઓએ સદર ગુન્હામાં સંડોવાયેલ આરોપી કૌશીક S/O રમણીકલાલ કલ્યાણજીભાઇ સંઘાણી ઉ.વ.૨૫ ધંધો-મજુરીકામ રહે. ઘર નં.૧૭૩/બી, દ્વારકેશ સોસાયટી-૩, શેરી નં.૫, માધવબાગ-૧ ની પાસે, જામનગર શહેર મુળગામ-સેવક ભટીયા તા.લાલપુર જી. જામનગર નાને શોધી કાઢી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે લઇ આવતા સદર આરોપીની પુછ પરછ કરતા તેણે આશરે પાંચ માસ પહેલા ફેસબુક ઉપર ફરીયાદીશ્રીનું ફેક એકાઉન્ટ બનાવી તે એકાઉન્ટમાંથી ફરીયાદીના સગા સંબંધી તથા તેમની પડોશમા રહેતી મહીલાઓને બિભત્સ મેસેજ તથા વિડીયો કોલ હોવાની કબુલાત કરેલ જે વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.